વન અને પર્યાવરણ વિભાગ ખાતે સચિવાલય સંવર્ગમાં ઓફિસ આસિસ્ટન્ટની કુલ-૧૭ હંગામી જગ્યાઓ સને ૨૦૨૫-૨૬ વર્ષમાં ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર,
વન અને પર્યાવરણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃFED/WOC/e-file/6/2025/0365/A
સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા :

(૧)વન અને પર્યાવરણ વિભાગનો તા.૧૮/૦૪/૨૦૧૬ નો ઠરાવક્રમાંક:મહક/૧૦/ ૨૦૧૫/૧૬૨૯/અ
(૨) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૨૧/૦૪/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૫/૧૭૬૬/અ
(૩) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૨૯/૦૪/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: મહક/૧૦૨૦૧૫/૧૩૦૭/અ
(૪) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૧૧/૦૪/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક મહક/૧૦૨૦૧૬/૧૪૮૫/અ
(૫) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૦૩/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક બજટ/૧૦/૨૦૧૮/૯૪૨/અ
(૬) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૧૩/૦૩/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક મહક/૧૦/૨૦૧૫/૧૬૨૯/અ
(૭) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૧૩/૦૩/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક બજટ/૧૦૨૦૧૫/૧૭૬૬/અ
(૮) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૧૩/૦૩/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક મહક/૧૦૨૦૧૫/૧૩૦૭/અ
(૯) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૦૮/૦૨/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: FEW/WOC/e-file/6/2023/0617/A
(૧૦)વન અને પર્યાવરણ વિભાગનો તા.૧૮/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: બજટ/૧૦/૨૦૧૮/૯૪૨/અ

**ઠરાવ:-**

ઉપર વંચાણે લીધેલ ક્રમ (૧)થી ૦૭ ઓફિસ આસિસ્ટન્ટની, વંચાણે લીધેલ ક્રમ (૦૨)થી ૦૧ ઓફિસ આસિસ્ટન્ટની, વંચાણે લીધેલ ક્રમ (૦૩)થી ૦૨ ઓફિસ આસિસ્ટન્ટની, વંચાણે લીધેલ ક્રમ (૦૪)થી ૦૪ ઓફિસ આસિસ્ટન્ટની અને વંચાણે લીધેલ ક્રમ (૦૫)થી ૦૩ ઓફિસ આસિસ્ટન્ટની સચિવાલય સંવર્ગમાં વખતો વખતનાં ઠરાવથી નવી બાબતો તરીકે કુલ-૧૭ હંગામી જગ્યાઓ વન અને પર્યાવરણ વિભાગ ખાતે ઉભી કરવામા આવેલ જે ઉપર વંચાણે લીધેલ ક્રમ-૦૬ થી ૧૦ અનવ્યે સને ૨૦૨૪-૨૫માં તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવામાં આવેલ હતી.

૨. ઉક્ત વન અને પર્યાવરણ વિભાગ ખાતે સચિવાલય સંવર્ગની કુલ-૧૭ હંગામી જગ્યાઓ વધુ એક વર્ષ લંબાવવા માટેની બાબત વિચારણા હેઠળ હતી જે કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઉક્ત નવી ઉભી કરેલ સચિવાલય સંવર્ગની ૧૭ ઓફિસ આસિસ્ટન્ટની હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવાની નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષને આખરે સરેન્ડર કરવાની રહેશે.

૬. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

૭. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે કરવાના રહેશે.

૮. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગનાતા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

૯. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2023/0336/Z.1 Dt.26-06-2023ની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૧૦. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2022/2282/Z.1 Dt.26-06-2023 ની જોગવાઇ મુજબ વિભાગે જગ્યાને કાયમી કરવાની પ્રક્રીયા હાથ ધરવાની રહેશે.

૩. વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહાકારશ્રીની તા.૨૧/૦૨/૨૦૨૫ તથા અગ્ર સચિવશ્રીની તા. ૨૧/૦૨/૨૦૨૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવન ભાવસાર)

ઉપસચિવ

વન અને પર્યાવરણ વિભાગ

**નકલ રવાના:**

- માન.મંત્રીશ્રી (વન અને પર્યાવરણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (વન અને પર્યાવરણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગના અગ્ર રહસ્ય સચિવશ્રી. વન અને પર્યાવરણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી/ખ(૧) શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, (વન અને પર્યાવરણ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના વર્ગ -૧ ના સર્વે અધિકારીશ્રીઓ, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી / ઝ(૧) શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રોકડ શાખા (૨ નકલ) વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ સચિવાલય, ગાંધીનગર વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ.

*Signature Not Verified*

*Signed by:BHAVAN BHAVSAR*
*Under Secretary*
*Date:2025.02.24*
*21:31:38 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*